**<u>ક્રિમિનલ કેસ નંબર: ૨૦૦૨૨૯/૧૯૮૭</u>**

**<u>આંક– ૧ લગત વધુ હુકમ.</u>**

હાલની ફરીયાદ આરોપીઓ વિરુધ્ધ ઈન્કમટેક્ષ એકટની કલમ–૨૭૬બી વિગેરે ગુના સબબ અત્રેની અદાલતમાં સને ૧૯૮૭ ની સાલમાં દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ સદર હું કામના આરોપીઓ પૈકી અમુક આરોપીઓ ગુજરી જતા તા.૦૧/૦૮/૨૦૧૮ નારોજ હુકમ કરી ગુજરી ગયેલ આરોપીઓ પુરતો કેસ એબેટ કરી બાકીના આરોપીઓ પૈકી ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો હુકમ કરેલ. જે અન્વયે ઈન્કમટેક્ષ તરફે વિ.વકીલશ્રી પરીખ હાજર થયેલ. સદરહું કેસ એ ખાનગી ફરીયાદ અને વોરંટ ટ્રાયેબલ હોય ફરીયાદપક્ષે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૪ અન્વયે ચાર્જ અંગે પુરાવો રજુ કરવાનો થતો હોય છે. એટલે કે જો ફરીયાદપક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૪૪ મુજબનો પુરાવો રજુ કરે અને તે પુરાવાના આધારે અદાલતને લાગે તો આરોપીઓ વિરુધ્ધ ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરી શકે. પરંતુ પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષને વાજબી તક આપવામાં આવેલ છતાં પુરાવો રજુ કરેલ નથી. એટલે કે, ફરીયાદપક્ષે જે ફરીયાદ કરેલ છે તેના સંદર્ભમાં કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આજરોજ પણ ફરીયાદી તરફે કોઈ સાહેદ હાજર નથી કે પુરાવો રજુ કરેલ નથી કે પુરાવો રજુ કરવાની કોઈ અરજી પણ નથી. આમ જયારે ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ ન હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષનો ચાર્જનો પુરાવો બંધ કરી અને તે મુજબ આરોપીઓ વિરુધ્ધ કોઈપણ પુરાવો રજુ થયેલ ન હોય અને તે કારણસર તહોમતનામું ફરમાવવા માટે પુરાવો ન હોવાના કારણે વજુદ જણાતું ન હોવાના કારણે આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૫(૨) અન્વયે તેમની સામેના ગુનામાંથી બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૩૦/૦૮/૨૦૧૮

(કિર્તી જયંતિલાલ દરજી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
(GJ-00461)